# ગોલ્ડ લોન અરજી ફોર્મ

શિવાલિક
શિવાલિક સ્મૉલ ફાઈનાન્સ બેંક લિમિટેડ

પ્રતિ,

**શાખા મેનેજર,**

**શિવાલિક સ્મૉલ ફાઈનાન્સ બેંક લિમિટેડ**

__________________ **(શાખાનું નામ)**

હું/અમે આથી અરજી ફોર્મમાં દર્શાવ્યાં મુજબના સોનાના ઘરેણાં/ઝવેરાતની ગીરવેની સામે રૂ.____________ /-
(રૂપિયા ________________)ની ગોલ્ડ લોનની મંજૂરી માટે મારી અરજી અંગે વિચારણા કરવા માટે બેંકને વિનંતી કરીએ છીએ:

**ઋણધારકનો ફોટોગ્રાફ**

| લોનની વિગતો | | |
|---|---|---|
| લોનની રકમ (રૂ.) | CUID નંબર: | અરજી નંબર: |
| | | |

**ઋણધારકની વ્યક્તિગત વિગતો:**

**ઋણધારકનું નામ:** ____________________ જન્મ તારીખ: D D M M Y Y Y Y

પાન કાર્ડ: __________ નં./ફોર્મ: __________ વર્તમાન રહેઠાણમાં વિતાવેલા વર્ષો: __________

લિંગ: ________ યોગ્યતા: __________

વૈવાહિક દરજ્જો: __________ પત્ર વ્યવહારનું સરનામું: __________

રાજ્ય: __________ શહેર: __________ જિલ્લો: __________ પિનકોડ: __________

લેન્ડમાર્ક: __________ કાયમી સરનામું: __________

રાજ્ય: __________ શહેર: __________ જિલ્લો: __________ પિનકોડ: __________

ઈમેલ: __________ સંપર્ક નંબર: __________

વ્યવસાય: __________ કુલ વાર્ષિક આવક: __________ રાષ્ટ્રીયતા: __________

પિતાનું નામ: __________ જીવનસાથીનુ નામ: __________

**નોમિનીની વિગતો:**

નોમિનીનું નામ: __________ નોમીનીનો ફોન નંબર: __________

નોમીની સાથે સંબંધ:

**નોમીનીનું સરનામું:** __________

**બેંક વિગતો:**

બેંકનું નામ: __________ બેંકની શાખા: __________

બેંક ખાતા નંબર: __________ IFSC કોડ: __________

C-KYC નંબર: __________

**વ્યક્તિગત: ૧) ફોટો આઈડીનો પુરાવો　　૨) બેંકની કેવાયસી નીતિ અનુસાર રહેઠાણનો પુરાવો.**

શિવાલિક
શિવાલિક સ્મૉલ ફાઇનાન્સ બેંક લિમિટેડ

| ગીરવે મુકેલી વસ્તુઓની વિગતોઃ | | | | |
|---|---|---|---|---|
| માત્રા | કુલ વજન (ગ્રામ) | ચોખ્ખું વજન (ગ્રામ) | પૅકેટ નંબર | જ્વેલરીનો ફોટોગ્રાફ |
| | | | | |

હું/અમે જાહેર કરીએ છીએ અને સમજીએ છીએ કે ઉપર જણાવ્યા મુજબ સોનાની શુદ્ધતા ઓછામાં ઓછી ૧૮ કેરેટ છે. જોકે, તે શિવાલિક સ્મૉલ ફાઇનાન્સ બેંક લિમિટેડ (જેનો ઉલ્લેખ ''બેંક'' તરીકે કરવામાં આવ્યો છે) દ્વારા નિયુક્ત કરાયેલા ઑડિટર/વેલ્યુઅર દ્વારા ફરીથી કરાતી પુષ્ટિને આધીન છે, જેમનો નિર્ણય અંતિમ અને મને/અમને બંધનકર્તા રહેશે. ગીરવે મુકાયેલા સોનાનું મૂલ્ય ઈન્ડિયન બૂલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશન લિમિટેડ (જે અગાઉ બોમ્બે બૂલિયન એસોસિયેશન લિમિટેડ (બીબીએ) તરીકે ઓળખાતું હતું) દ્વારા દર્શાવ્યાં મુજબ અગાઉના 30 દિવસો માટે ૨૨ કેરેટ સોનાના ઘરેણાંના સરેરાશ બંધ ભાવોના આધારે નક્કી કરાયું છે.

**ઋણધારકના હસ્તાક્ષર**

ઓટીપી દ્વારા કરેલા હસ્તાક્ષર

## ગોલ્ડ લોન અરજી ફોર્મ સ્વીકૃતિની પહોંચ (ઋણધારકને સુપરત કરવાની)

પ્રિય ગ્રાહક,

આ ઉપરોક્ત ગોલ્ડ લોન અરજી ફોર્મની પ્રાપ્તિ અંગેની સ્વીકૃતિ છે. અમારો પ્રયાસ રહેશે કે બેંક દ્વારા જરૂરી હોય તેવા તમામ આવશ્યક દસ્તાવેજો પૂરા પાડવાને આધીન ૩ દિવસની અંદર લોન અરજી પર પ્રક્રિયા હાથ ધરવામાં આવે.

## ગોલ્ડ ડિપોઝિટ રસીદ

તારીખઃ

CUID નંબરઃ________________________ ઋણધારકનું નામઃ________________________

પ્રાથમિક સંપર્ક નંબરઃ ________________________ શાખાનો કોડઃ________________________

શાખાનું નામઃ________________________ શાખાનું સરનામુંઃ________________________

**ઋણધારકનો ફોટોગ્રાફ**

**ઘરેણાં/ઝવેરાતનો ફોટોગ્રાફ**

શિવાલિક
શિવાલિક સ્મૉલ ફાઈનાન્સ બેંક લિમિટેડ

| ગીરવે મુકેલી વસ્તુઓની વિગતો: | | | | |
|---|---|---|---|---|
| માત્રા | કુલ વજન (ગ્રામ) | ચોખ્ખું વજન (ગ્રામ) | પૅકેટ નંબર | જ્વેલરીનો ફોટોગ્રાફ |
| | | | | |

આ ઇલેક્ટ્રોનિક રીતે તૈયાર કરાયેલ દસ્તાવેજ છે અને તેની ઉપર બેંકના પ્રતિનિધીના હસ્તાક્ષર કરવાની જરૂર નથી.

**ઋણધારકના હસ્તાક્ષર**

ઓટીપી દ્વારા કરેલા હસ્તાક્ષર

## મંજૂરીના નિયમો અને શરતો

એ) અમે નીચે વર્ણવેલી ગોલ્ડ લોનની મંજૂરી માટે તા. _____/______/______ના અરજી ફોર્મનો સંદર્ભ આપીએ છીએ.

બી) હું/અમે સ્વીકારીએ છીએ/પુષ્ટિ કરીએ છીએ કે લોન માટેના અરજી ફોર્મમાં નીચે ઉલ્લેખ કરેલા નિયમો અને શરતો સૌથી મહત્ત્વપૂર્ણ છે (અને જો બેંક દ્વારા લોન માટે વિનંતી સ્વીકારવામાં આવે તો લોનના સંદર્ભમાં તે ઋણધારકને લાગુ પડશે) અને તેને અરજી ફોર્મ અને નિયત શરતો (ગોલ્ડ લોન)ની સાથે વંચાણે લેવામાં આવશે:

- ઋણધારકનું નામ:-
- લોનનો પ્રકાર: સોનાના ઘરેણાં/ઝવેરાતના ગીરવેની સામે લોન
- સ્કિમ:
- લોનની રકમ: **રૂ.**
- લોનનો સમયગાળો: ____________ મહિનાઓ (નિયત શરતોને આધીન)
- ચુકવણીની નિરંતરતા:
- પ્રોસેસિંગ ફી + જીએસટી: **રૂ.**
- વ્યાજનો દર: ________ % પ્ર.વ.
- વ્યાજની પદ્ધતિ: **ફિક્સ**
- ગણતરીની પદ્ધતિ: **સાદું વ્યાજ**
- વિતરણની તારીખ:
- **ઓવરડ્યુ ચાર્જિસ:**
- લોન પરિપક્વતા તારીખ: (નિયત શરતોને આધીન)
- હેતુ:
- વીમા સંબંધિત ચાર્જિસ:
- વાર્ષિક ટકાવારી દર:
- ફોરક્લોઝર ચાર્જિસ: **મંજૂર થયેલી લોન રકમના _______% સુધી.**
- **ગીરવે મુકેલા ઘરેણાંઓ:** લોનને સુરક્ષિત કરવા ગીરવે પેટે બેંક સમક્ષ સોનાના ઘરેણાંઓ/જ્વેલરી જમા કરાવવામાં આવી છે અને ગીરવે મુકેલા ઘરેણાંઓમાં માત્ર સોનાનું ઘટક મૂલ્યાંકન માટે ધ્યાન પર લેવામાં આવશે.

શિવાલિક
શિવાલિક સ્મૉલ ફાઇનાન્સ બેંક લિમિટેડ

- **માર્જિનઃ** ''ઋણધારક સંમત થાય છે કે ગોલ્ડ સિક્યોરિટીના મૂલ્યમાં ઘટાડો થવાને કારણે માર્જિન/લોન–ટુ–વેલ્યુ રેશિયોમાં કોઈપણ ઘટાડો થાય તો ઋણધારકના ખાતા(ખાતાઓ)માંથી ડેબિટ કરવાનો બેંકને અધિકાર છે''

  ''ઋણધારક સમક્ષ નિરંતર ધોરણે રજૂઆત કરવામાં આવી અને ખાતરી આપવામાં આવી હોવાનું માનવામાં આવશે કે (i) બેંક દ્વારા ઇશ્યુ કરવામાં આવેલા મંજૂરી પત્રમાં નિર્ધારિત માર્જિન/લોન–ટુ–વેલ્યુ રેશિયો લોનના સમગ્ર સમયગાળા દરમિયાન જાળવવામાં આવશે અને જો તેમાં નિર્ધારિત ટકાવારીના સંદર્ભમાં કોઈ ફેરફાર થાય તો ઋણધારકે બેંકના સંતોષ માટે વધારાની સિક્યોરિટી આપવી પડશે અથવા બેંક દ્વારા ઇશ્યુ કરવામાં આવેલી આવી સલાહનું પાલન કરવું પડશે''

  **હરાજીઃ** બેંક નિયમોના ઉલ્લંઘનના કિસ્સામાં તેની નીતિ અનુસાર સોનાની હરાજી કરી શકે છે.

| ચાર્જિસનું પત્રક (કરવેરા સિવાય) | |
|---|---|
| વિગતો | ચાર્જિસ |
| **પ્રોસેસિંગ ફી + જીએસટી** | **રૂ.** ____________________ |
| **હરાજીના ચાર્જિસ** | **વાસ્તવિક થાય તે મુજબ** |
| **SOA જારી કરવાના ચાર્જિસ** | **લાગુ પડતું નથી** |

સી) હું/અમે લોન દસ્તાવેજોની નકલ મળી હોવાનું સ્વીકારીએ છીએ અને પુષ્ટિ કરીએ છીએ.

ડી) ઋણ લેનાર સમજે છે કે તમામ ચુકવણીની રસીદો માત્ર ઈલેક્ટ્રોનિક માધ્યમે જ પૂરી પડાશે. જો કે, ચુકવણીની ભૌતિક પુષ્ટિની જરૂર પડે તો, કૃપા કરીને અમારી બ્રાન્ચ ખાતે મામૂલી ચાર્જિસની ચૂકવણી કરીને તેને પ્રાપ્ત કરી લેશો.

ઈ) 'બેંક'ના શબ્દપ્રયોગમાં જ્યાં સુધી તે સંદર્ભ અથવા તેના અર્થથી વિપરિત ન હોય ત્યારે તેમાં તેના અનુગામીઓ અને પરવાનેદારોનો અર્થ થતો હોવાનું અને તેમનો સમાવેશ થતો હોવાનું ગણાશે અને 'ઋણધારક' શબ્દપ્રયોગમાં જ્યાં સુધી તે સંદર્ભ અને તેના અર્થથી વિપરિત ન હોય ત્યારે કાનૂની વારસો, અમલકર્તાઓ, વહીવટકર્તાઓ, અનુગામીઓ અને પરવાનેદારોનો અર્થ થતો હોવાનું અને તેમનો સમાવેશ થતો હોવાનું ગણાશે.

એફ) હું/અમે આથી સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે હું/અમે અરજી ફોર્મ જમા કરાવીને લોન માટે અરજી કરી શકીએ છીએ અને શિવાલિક સ્મૉલ ફાઇનાન્સ બેંક લિમિટેડ (જેનો ઉલ્લેખ 'બેંક' તરીકે કરાયો છે) આવી લોન (દરેક 'લોન')ને મંજૂર કરવા માટે સંમત થઇ શકે છે જે અરજી ફોર્મ, નિયમો અને શરતો અને પક્ષકારો વચ્ચે આદાન–પ્રદાન કરવામાં આવે તેવા અન્ય કોઇ દસ્તાવોને સાથે વંચાણે લેતા આ નિયમો અને શરતો ('નિયત શરતો') દ્વારા નિયંત્રિત છે અથવા નિયંત્રિત થશે. અહીં ઉપયોગ કરવામાં આવેલા પરંતુ અત્રે વ્યાખ્યાયિત કરવામાં ન આવેલા મૂડી સંબંધિત શબ્દ પ્રયોગે અરજી ફોર્મમાં અને લોન દસ્તાવેજોમાં ઉલ્લેખ કરેલા નિયમો અને શરતોમાં નિર્ધારિત કરેલો અર્થ ધરાવશે. મેં અત્રે ઉલ્લેખ કરેલી નિયત શરતો સહિત આવી લોનને નિયંત્રિત કરતા તમામ નિયમો અને શરતો વાંચી અને સમજી લીધા છે અને તે માટે સંમત થાઉ છું, સ્વીકારું છું અને સ્વીકૃતિ આપું છું.

જી) બેંક દ્વારા મને મોકલાયેલા વન–ટાઇમ પાસવર્ડ (ઓટીપી)થી પ્રમાણિત કરીને ઇલેક્ટ્રોનિક રીતે પ્રમાણિત કરીને અથવા શાખામાં દસ્તાવેજ ઉપર ભૌતિક રીતે હસ્તાક્ષર કરીને મારા દ્વારા સ્વીકારવામાં આવેલા નિયમો અને શરતો આ નિયમો અને શરતોની મારી સ્વીકૃતિ અંગેનો નિર્ણાયક પુરાવો રહેશે અને તે મને બંધનકર્તા રહેશે.

**ઋણધારકના હસ્તાક્ષર**

ઓટીપી દ્વારા કરેલા હસ્તાક્ષર

## સામાન્ય નિયમો અને શરતો

**૧. લોનનું વિતરણ**

૧.૧ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે બેંકમાં કરેલી રજૂઆતોના આધારે ગીરવે મુકેલા દાગીનાઓની સામે લોન મંજૂર કરી શકે છે.

૧.૨ હું/અમે સમજીએ છીએ, સંમત થઇએ છીએ અને મહત્તમ ૧૨ માસના સમયગાળા માટે લોન ઉપલબ્ધ કરાવવા વિનંતી કરીએ છીએ, જે સમયાંતરે બેંકની લાગુ પડતી નીતિને આધીન છે. જોકે, હું સમજુ છું અને સંમત થાઉ છું કે લોનની પ્રારંભિક મંજૂરી અરજી ફોર્મમાં નિર્ધારિત કર્યા મુજબના સમયગાળા (લોન પરિપક્વતા તારીખ સાથે) માટે જ રહેશે. લોનનું રિન્યૂઅલ બેંકની રિન્યૂઅલ નીતિ અનુસાર બેંકની વિવેકબુદ્ધિ પર અલગથી કરવામાં આવશે.

૧.3 હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે લોન માટે બેંક મારી વિનંતી સ્વીકારે અને લોન મંજૂર કરે તે પ્રસંગે બેંક મારા બેંક એકાઉન્ટમાં લોનનું વિતરણ કરી શકે છે.

**૨. વ્યાજ, અન્ય ઓવરડ્યુ ચાર્જિસ અને ચૂકવણીઓ**

૨.૧ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે લોન ઉપર વ્યાજ અને ચાર્જિસ લોન દસ્તાવેજમાં નિર્ધારિત કર્યા મુજબ વસૂલવામાં આવશે અને હું સ્વીકારું છું અને સંમત થાઉ છું કે નિર્ધારિત કરવામાં આવેલો વ્યાજનો દર વાજબી છે અને બેંક દ્વારા સમજાવવામાં આવ્યો તે મુજબ છે.

૨.૨ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે લોનના સંબંધમાં (લાગુ પડતા) તમામ કરવેરા, વસૂલાતો, શુલ્કો (સ્ટેમ્પ ડ્યુટી સહિત) અને સંબંધિત રજિસ્ટ્રેશન અને ફાઇલિંગ ચાર્જિસ મારા દ્વારા ચૂકવવામાં આવશે અને આથી જો મારા વતી બેંક દ્વારા કોઇ આવા ખર્ચની ચૂકવણી કરવામાં આવે તો હું તરત જ તેની બેંકને ચૂકવણી કરીશ.

૨.૩ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે લાગુ પડે તે મુજબ વ્યાજ વર્ષના ૩૬૫/૩૬૬ દિવસના ધોરણે વાસ્તવિક અથવા ઘટતી બાકીના ધોરણે વસૂલવામાં આવશે અને અન્યથા નિર્ધારિત કરવામાં આવે તે સિવાય માસિક અંતરાલ પર ચૂકવવાપાત્ર બનશે.

૨.૪ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે હું લોનનું વિતરણ/લોનની પરત ચૂકવણી/વ્યાજની ચૂકવણી અને અન્ય તમામ વ્યવહારો (મુક્ત રીતે હસ્તાંતર કરી શકાતા ફંડમાં, કોઇ સેટ-ઓફ, પ્રતિવાદ અથવા કોઇ કપાત વગર) જે-તે ચૂકવણીની અંતિમ તારીખે અથવા તે પહેલાં કરીશ અને જો ચૂકવણીની અંતિમ તારીખે કામકાજ ચાલુ ન હોય તો હું તે દિવસની પહેલાંના કામકાજના દિવસે ચૂકવણી કરવા માટે સંમત થાઉ છું.

૨.૫ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે બેંક સમક્ષ ગીરવે મુકેલા દાગીનાઓ અને મારા દ્વારા પૂરી પાડવામાં આવેલી કોઇ અન્ય જામીનગીરી બેંકને મારા દ્વારા આ કથિત બાકી લેણાંઓની સંપૂર્ણ ચૂકવણી કરવા પર જ મુક્ત કરવામાં આવશે.

**૩. ગીરવે મુકેલા દાગીનાઓ**

૩.૧ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે હું/અમે ચોક્કસ સોનાનાં ઘરેણાંઓ/જ્વેલરી (આવા ઘરેણાંઓ/જ્વેલરી સાથે જોડાયેલા કોઇ રત્ન અથવા હીરા સહિત)ની સંપૂર્ણ માલિક છીએ અને તેનો કાયદેસરનો કબજો ધરાવીએ છીએ જેને પ્રથમ અને અબાધિત બોજા ('ગીરવે મૂકેલાં દાગીનાઓ')ની રીતે બેંકમાં રાખવા માટે સીલ કરેલા પેકેટમાં બેંક સમક્ષ ગીરવે મુકવામાં આવ્યા છે અને બેંકની તરફેણમાં સર્જવામાં આવ્યો છે તે સિવાય તેની ઉપર કોઇ તારણાધિકાર, બંધન, બોજ અથવા દાવો નથી.

૩.૨ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે બેંક કોઇપણ સમયે, મારા જોખમે અને ખર્ચે, લોનના સમયગાળા દરમિયાન કોઇ નોટિસ અથવા સૂચના આપ્યા વગર આવા સીલ કરેલા પેકેટ્સને ખોલવાનો અને ગીરવે મૂકેલા દાગીનાઓ (ગીરવે મૂકેલા દાગીનાઓને ઓગાળવા/કાપવા/વિનાશક પરીક્ષણ અથવા અન્ય પરીક્ષણ હાથ ધરવા સહિત પરંતુ તેટલા પૂરતું મર્યાદિત નહીં)ની ગુણવત્તાના સંબંધમાં તપાસ હાથ ધરવાનો અધિકાર ધરાવશે અને હું આથી તેના માટે મારી સંમતિ પૂરી પાડું છું. હું સમજુ છું, સંમત થાઉ છું અને બાંહેધરી આપું છું કે બેંકની તપાસના તારણો આખરી અને બંધનકર્તા રહેશે અને હું કોઇપણ રીતે તેની સામે વાંધો ઉઠાવીશ નહીં.

૩.૩ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે બેંક સમક્ષ ગીરવે મુકેલી ચીજ-વસ્તુઓ અને મારા દ્વારા પૂરી પાડવામાં આવેલી કોઇ અન્ય જામીનગીરી બેંકને સંતોષ થાય તે રીતે મારા દ્વારા બાકી નીકળતી રકમોની સંપૂર્ણ ચૂકવણી કરવા પર જ મુક્ત કરવામાં આવશે.

૩.૪ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે ગીરવે મુકેલી ચીજ-વસ્તુઓની મારી માલિકી ખામીયુક્ત નથી અથવા કોઇપણ રીતે તેને પડકારવામાં આવેલી નથી અથવા તે શંકાસ્પદ અથવા ઉતરતી ગુણવત્તા ધરાવતી નથી.

૩.૫ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે ચોરી, લૂંટ વગેરેના કારણે ગીરવે મુકેલી ચીજ-વસ્તુઓ ગૂમ થઇ જવાના પ્રસંગે બેંકની જવાબદારી બેંક પાસે બાકી નીકળતી ચૂકવણીની તમામ રકમો સરભર કર્યા બાદ, બેંકની નોંધો અનુસાર ગીરવે મૂકેલા દાગીનાઓમાં સોનાના મૂલ્ય (હીરા અને રત્નો વગેરેની રકમની કપાત કર્યા બાદ)ને ગૂમ થયેલી ગીરવે દાગીનાઓના બદલામાં રોકડ રકમ પૂરતી જ મર્યાદિત રહેશે. આ બદલા કિંમત વજન અને શુદ્ધતા (બેંકની નોંધમાં જાળવ્યાં મુજબ)ની ગણતરી કરીને અને પ્રસિદ્ધ થયેલા આંકડા અનુસાર વર્તમાન તારીખે સોનાની કિંમતથી ગુણાકાર કરીને નક્કી કરવામાં આવશે અને તે અંતિમ અને મને બંધનકર્તા રહેશે.

૩.૬ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે પોતાના કારણો બહાર સર્જાયેલી દુર્ઘટનાઓ જેવી કે આગ, પૂર, ભૂકંપ વગેરે જેવી કુદરતી આપત્તિઓના કારણે થયેલા નુકસાન/હાનિ માટે બેંકની કોઇ જવાબદારી રહેશે નહીં અને આવા પ્રસંગોએ હું/અમે વીમાના દાવાની પતાવટ પર બેંકને જો કોઇ રકમ પ્રાપ્ત થાય તો માત્ર તેવું વળતર જ પ્રાપ્ત કરીશ.

**૪. ગીરવે મૂકેલા દાગીનાઓનું મૂલ્ય નિર્ધારણઃ**

૪.૧ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે ગીરવે મૂકેલા દાગીનાઓનું મૂલ્ય નિર્ધારણ બેંક દ્વારા અધિકૃત કરેલા અને નિયુક્ત કરવામાં આવેલા આકારણીકર્તા દ્વારા કરવામાં આવશે અને લોનની રકમ નિર્ધારિત કરાયેલા અને સમયાંતરે સુધારવામાં આવેલા માર્જિનને ધ્યાનમાં લીધા બાદ, આકારણીકર્તા દ્વારા પૂરા પાડવામાં આવેલા મૂલ્ય નિર્ધારણ અહેવાલમાં દર્શાવવામાં આવેલા ગીરવે મૂકેલા દાગીનાઓના મૂલ્યના આધારે બેંક દ્વારા નક્કી કરવામાં આવશે. આવું મૂલ્ય સમયાંતરે ગીરવે મૂકેલા દાગીનાઓની બજાર કિંમતોને આધીન રહેશે. ગીરવે મૂકેલા સોનાનું મૂલ્ય સમયાંતરે ફેરફારને આધીન ભારતીય રિઝર્વ બેંક દ્વારા નિર્દિષ્ટ કર્યા મુજબ ઇન્ડિયા બૂલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશન જે અગાઉ બોમ્બે બૂલિયન એસોસિયેશન લિમિટેડ (બીબીએ)તરીકે ઓળખાતુ હતું દ્વારા દર્શાવવામાં આવેલા અગાઉના ૩૦ દિવસો માટે ૨૨ કેરેટ સોનાના બંધ ભાવોના સરેરાશ અનુસાર નક્કી કરાશે.

૪.૨ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ અને પુષ્ટિ આપીએ છીએ કે બેંકની નોંધમાં જાળવ્યાં મુજબ ગીરવે મૂકેલા દાગીનાઓનું મૂલ્ય સ્વીકાર્ય, નિર્ણાયક, અંતિમ અને મને બંધનકર્તા છે અને કોઇપણ સમયે કોઇપણ રીતે તેની સામે વાંધો ઉઠાવવામાં આવશે નહીં.

૪.૩ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે મને બેંક દ્વારા લોન મંજૂર કરવામાં આવી હોવાનો અર્થ તે નથી કે બેંક પુષ્ટિ કરે છે અથવા સ્વીકારે છે કે ગીરવે મૂકેલા સોનાનાં ઘરેણાંઓ/જ્વેલરી ચોક્કસ કેરેટની શુદ્ધતા ધરાવે છે.

૪.૪ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે જો ગીરવે મૂકેલા દાગીનાઓ બનાવટી અથવા નકલી અથવા ઓછી શુદ્ધતાના અથવા ચોરાયેલા હોવાનું મળી આવે તો બેંક પોતે યોગ્ય માને તે રીતે મારી વિરુદ્ધ યોગ્ય તપાસ/ફોજદારી કાર્યવાહી શરૂ કરવાનો અધિકાર અબાધિત રાખે છે અને હું તેના કારણે બેંકને જે કોઇપણ ખર્ચ અથવા નુકસાન થાય તે માટે એકમાત્ર જવાબદાર બનીશ.

શિવાલિક
શિવાલિક સ્મૉલ ફાઈનાન્સ બેંક લિમિટેડ

૪.૫ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે કોઈપણ મૂલ્યાંકનના હેતુઓ માટે ગીરવે મુકેલા દાગીનાઓમાં સમાવિષ્ટ માત્ર સોનાના ઘટકને જ ધ્યાન પર લેવામાં આવશે અને બેંક ગૂમ થયેલા ગીરવે મૂકેલા દાગીનાઓ બદલવાના પ્રસંગ સહિત કોઈપણ સમયે સોનાના ઘરેણાં/જ્વેલરીમાં જડવામાં આવેલા રત્ન અથવા હીરાના મૂલ્યને ધ્યાન પર લેશે નહીં.

**૫. માર્જિન**

૫.૧ ''ઋણધારક સંમત થાય છે કે ગોલ્ડ સિક્યોરિટીના મૂલ્યમાં ઘટાડો થવાને કારણે માર્જિન/લોન–ટુ–વેલ્યુ રેશિયોમાં કોઈપણ ઘટાડો થાય તો ઋણધારકના ખાતા(ખાતાઓ)માંથી ડેબિટ કરવાનો બેંકને અધિકાર છે''

''ઋણધારક સમક્ષ નિરંતર ધોરણે રજૂઆત કરવામાં આવી અને ખાતરી આપવામાં આવી હોવાનું માનવામાં આવશે કે (i) બેંક દ્વારા ઈશ્યુ કરવામાં આવેલા મંજૂરી પત્રમાં નિર્ધારિત માર્જિન/લોન–ટુ–વેલ્યુ રેશિયો લોનના સમગ્ર સમયગાળા દરમિયાન જાળવવામાં આવશે અને જો તેમાં નિર્ધારિત ટકાવારીના સંદર્ભમાં કોઈ ફેરફાર થાય તો ઋણધારકે બેંકના સંતોષ માટે વધારાની સિક્યોરિટી આપવી પડશે અથવા બેંક દ્વારા ઈશ્યુ કરવામાં આવેલી આવી સલાહનું પાલન કરવું પડશે''

૫.૨ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે ગીરવે મૂકેલા દાગીનાના મૂલ્ય ઉપર નિયમિત ધોરણે દેખરેખ રાખવામાં આવશે અને જો ગીરવે મૂકેલા દાગીનાઓનું મૂલ્ય નીચેની માર્જિન જરૂરિયાત કરતા નીચે ઉતરે તો બેંક પ્રમાણસર વજન/મૂલ્યની વધારાની જામીનના સર્જન માટે અથવા આંશિક અથવા સંપૂર્ણ લોનની પરત ચૂકવણીની માંગણી કરી શકે છે અને આવી માંગણી થવા પર હું તરત જ આવી જરૂરિયાતનું પાલન કરીશ.

૫.૩ હું/અમે સમજીએ છીએ કે અત્રે ઉલ્લેખ કરવામાં આવેલી કોઈપણ બાબત ધ્યાનમાં લીધા વગર, જો અંતિમ તારીખ સુધીમાં વ્યાજ/ચાર્જિસ સાથે લોનની રકમની પરત ચૂકવણી કરવામાં મારા દ્વારા કોઈ કસૂર કરવામાં આવે અથવા બેંક દ્વારા માંગણી કરવામાં આવે ત્યારે ગીરવે મૂકેલાં દાગીનાઓના મૂલ્યની ખૂટતી માર્જિન જરૂરિયાતો અથવા કોઈ સંજોગ જે વસ્તુલક્ષી રીતે આ નિયમો અને શરતો અંતર્ગત મારી જવાબદારીઓ પૂર્ણ કરવાની મારી ક્ષમતાને પ્રભાવિત કરે તો તે કિસ્સામાં, બેંક મારી વિરુદ્ધ કાનૂની પ્રક્રિયાઓ શરૂ કરવાનો અને/અથવા લોનનો સમયગાળો સમાપ્ત થયા પહેલા પણ, અરજી ફોર્મમાં આપેલા સરનામે મને ૭ દિવસની પૂર્વ નોટિસ આપીને કોઈપણ સમયે હરાજીની પ્રક્રિયા મારફતે ગીરવે મૂકેલા દાગીનાઓનું વેચાણ કરવાનો કાનૂની અધિકાર ધરાવશે. હું આથી સંમત થાઉં છું અને તેના માટે સંમતિ આપું છું અને કોઈપણ સમયે કોઈપણ રીતે તેની સામે વાંધો ઉઠાવીશ નહીં.

૫.૪ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે કોઈ સામાન્ય ધારણાધીકાર અથવા કાયદા દ્વારા બેંકર અધિકૃત હોય તેવા બેંકના આવા કોઈ અધિકાર ઉપરાંત, બેંક કોઈપણ સમયે અને મને/અમને નોટિસ આપ્યા વગર બેંક સાથે રહેલા મારા/અમારા તમામ અથવા કોઈપણ ખાતાઓ અને જવાબદારીઓને એકત્રિત અથવા સંકલિત કરી શકે છે અને કોઈ અન્ય એકાઉન્ટ અથવા કોઈપણ રીતે બેંક પ્રત્યે મારી/અમારી કોઈપણ જવાબદારીઓને સંતોષવા આવા એક અથવા વધુ એકાઉન્ટમાં રહેલી રકમ સેટ–ઓફ અથવા હસ્તાંતર કરી શકે છે, ભલે આવી જવાબદારીઓ વાસ્તવિક હોય અથવા આકસ્મિક હોય, પ્રાથમિક અથવા આનુષાંગિક હોય અને એકલ અથવા સંયુક્ત હોય.

**૬. કરારોઃ**

૬.૧ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે હું લોન દસ્તાવેજોના કોઈ નિયમો અને શરતોનું મારા દ્વારા કોઈ ઉલ્લંઘન અથવા લોન અથવા ગીરવે મૂકેલા દાગીનાઓના સંબંધમાં કરવામાં આવેલી કોઈ ગેરરજૂઆતના પરિણામે બેંકને થયેલા (તૃતીય પક્ષકાર દ્વારા કરવામાં આવતા દાવાઓ સહિત) તમામ નુકસાનો, ખર્ચાઓ, બોજાઓ, હાનિઓ, ચૂકવેલી કિંમતો અને જવાબદારી માટે હું બેંકની ક્ષતિપૂર્તી કરીશ અને બેંકને વળતર ચૂકવીશ અને હાનિરહિત ગણીશ. હું સમજુ છું અને સંમત થાઉં છું કે હું વધુમાં કોઈપણ વિલંબ, આનાકાની અથવા વિરોધ વગર વીમાની રકમ, અમલીકરણ ખર્ચાઓ, તમામ ખૂટતા લેણાઓની ચૂકવણી અને સરકાર દ્વારા વસૂલાતા કોઈ અન્ય શુલ્કો સહિત લોનના સાથે સંબંધ ધરાવતાં કોઈપણ શુલ્ક અને ખર્ચાઓની બેંકને ભરપાઈ કરી આપીશ.

૬.૨ હું સમજું છું અને સંમત થાઉં છું કે, હું આ ફંડનો કોઈ પણ સ્વરૂપમાં સોનાની (પ્રાથમિક સોનું, સોનું બુલિયન, સોનાના ઘરેણાં/દાગીના, સોનાના સિક્કા, ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સના (ઈટીએફ) યુનિટ્સ અને ગોલ્ડ મ્યુચ્યુઅલ ફંડ્સના યુનિટ્સ સહિત) ખરીદી માટે ઉપયોગ નહીં કરું. હું સમજું છું અને સંમત થાઉં છું કે હું લોનની રકમનો લોન અરજીમાં ઉલ્લેખિત ઉદ્દેશ માટે જ ઉપયોગ કરીશ.

૬.૩ હું સમજુ છું અને સંમત થાઉં છું કે અને સ્વીકારું છું કે લોન દસ્તાવેજમાં સમાવિષ્ટ કોઈપણ બાબત ધ્યાનમાં લીધા વગર, મારા/અમારા દ્વારા આ લોન સમજૂતી અંતર્ગત કરવામાં આવેલી કોઈપણ ચૂકવણી બેંક દ્વારા નીચેના ક્રમમાં સરભર કરવામાં આવશેઃ

(એ) મૂડી રકમની વસૂલાત;
(બી) ચૂકવવાપાત્ર વ્યાજ અને ચૂકવવાની બાકી અને ચૂકવવાપાત્ર તમામ રકમો.
(સી) શુલ્કો, ચાર્જિસ અને ખર્ચાઓ.

૬.૪ હું/અમે લોન અરજી ફોર્મમાં મારા દ્વારા આપવામાં આવેલી માહિતીમાં કોઈ ફેરફારો અને સુધારાઓ માટે લેખિતમાં બેંકને તરત જ સૂચિત કરવા સંમત થઇએ છીએ.

૬.૫ હું સમજુ છું અને સંમત થાઉં છું કે હું સમયાંતરે બેંક દ્વારા માંગવામાં આવે તેવા તમામ દસ્તાવેજો/માહિતી પૂરી પાડીશ અને બેંક સમયાંતરે સ્વયં અથવા તેના એજન્ટ મારફતે કોઈ આપેલી માહિતી, ધીરાણ સંદર્ભો, રોજગારી સંબંધિત વિગતો ચકાસી શકે છે અથવા બેંક દ્વારા જરૂરી ગણવામાં આવે તેવા ક્રેડિટ રિપોર્ટ અથવા અન્ય કોઈ માહિતી મેળવી શકે છે.

**૭. નાદારીના પ્રસંગોઃ** હું સમજુ છું, સંમત થાઉં છું અને સ્વીકારું છું કે નીચેના પ્રસંગોનો નાદારીના પ્રસંગોમાં સમાવેશ થશેઃ

૭.૧ કોઈપણ નાણાંની (પછી તે ડ્યુ ડેટના રોજ નિર્ધારિત કરેલા, માગણી કરાયેલા કે અન્યત્ર) વ્યવહાર હેઠળના દસ્તાવેજ મુજબ ચૂકવણી/પરત ચૂકવણીમાં ડિફોલ્ટ સર્જાશે.

૭.૨ મેં કોઈ પણ કરારપત્રના પ્રદર્શનમાં (ચુકવણી ડિફોલ્ટ સિવાય) ડિફોલ્ટ કર્યો હોય, અને આવા કરારપત્રને આવા ઉલ્લંઘનના ૩ (ત્રણ) દિવસમાં સુધારી દીધો ન હોય.

૭.૩ મેં, અથવા એવી વાજબી શંકા ઉપજે કે હું, સ્વૈચ્છિક કે અસ્વૈચ્છિક રીતે કોઈ પણ બેંકરપ્સી અથવા નાદારીના કાયદા હેઠળની કાર્યવાહીને આધિન બનું છું.

૭.૪ મારું મૃત્યુ થાય, અથવા ધિરાણકર્તાની સંમતિ વિના મારા બંધારણમાં ફેરફાર કરાય.

૭.૫ ઘરેણાંઓની ચોરીના આધાર પર જેલમાં ધરપકડ અથવા અટકાયત અને કોઇ ઘરેણાંઓની શંકાસ્પદ ચોરી.

૭.૬ આ સુવિધા માટે કોઈ પણ જામીનગીરી, હોય તો, મુશ્કેલીમાં મૂકાય અથવા તેની અસરને ટાંચમાં લેવાય.

૭.૭ જો મારા દ્વારા કરવામાં આવેલી કોઇ રજૂઆતો અથવા નિવેદનો અથવા વિગતો ખોટી, ગેરમાર્ગે દોરતી અથવા અસત્ય હોવાનું મળી આવે.

૭.૮ અત્રે અને/અથવા મંજૂરી પત્ર, જામીન દસ્તાવેજો, લોન દસ્તાવેજો વગેરેમાં સમાવેશ કોઇ નિયમો અને શરતો, જવાબદારીઓ, રજૂઆતોનું ઉલ્લંઘન.

૭.૯ એવા કોઈ પણ સંજોગો કે ઘટના સર્જાય કે જેનાથી લોનની પરત ચૂકવણી માટેની અથવા ફરજોનું પાલન કરવાની મારી/અમારી ક્ષમતાને વિપરીત અસર થાય અથવા જે બાબત બેંકના હિતો માટે પૂર્વગ્રહયુક્ત બને.

૭.૧૦ ગીરવે મૂકેલા દાગીનાઓની ગુણવત્તાના સંબંધમાં કોઇ પદ્ધતિસરની ઉચાપાત પકડાઇ આવે.

૭.૧૧ ગીરવે કરાયેલી ચીજવસ્તુઓનું મૂલ્ય સમયાંતરે નિર્ધારિત કરાયેલા આવશ્યક માર્જિન કરતા નીચી થઈ જાય, તેની બજાર કિંમતમાં કોઈ ફેરફાર થાય અથવા કોઈ અન્ય કારણ ઊભું થાય. હું સમજું છું, સંમત થાઉં છું અને સ્વીકારું છું કે ઉપરનામાંથી કોઈ પણ ઘટના બનવા પર, ધિરાણકર્તા આમ કરી શકશેઃ

એ) સુવિધાની શેષ રહેલી રકમને તેની પરના વ્યાજ સહિત તેમજ વ્યવહાર દસ્તાવેજ હેઠળ ચૂકવવાપાત્ર તમામ રકમોને આ સાથે ચૂકવવા મને તાકીદ કરી શકે છે;

બી) સુવિધાના સંબંધમા મારા તરફથી કોઈ ડિફોલ્ટ કરાય અથવા એવું કોઈ કાર્ય કરાય અને/અથવા બાકી રહેલા લેણાં (કાનૂની/વકીલની ફી સહિત)ની વસૂલાત માટે અને/અથવા વ્યવહાર દસ્તાવેજ હેઠળના કોઈ પણ નિયમ અને શરતોનું પાલન કરવામાં મારી નિષ્ફળતાને કારણે ધિરાણકર્તાને કોઈ દાવા, પડતર, નુકસાન અને ખર્ચ ભોગવવો પડ્યો હોય તો તેની ચૂકવણી કરવા મને જણાવી શકે છે.

ડી) હરાજી દ્વારા ગીરવે મૂકેલા ચીજવસ્તુઓનું વેચાણ કરવું.

૭.૧૨ આવી અન્ય કોઈ ઘટના કે જેને મંજૂરીપત્રમાં અથવા અન્યત્ર બેંક દ્વારા નિર્ધારિત કરાયેલી હોય. બાકી લેણાં અથવા તેના કોઈ પણ ભાગની ચૂકવણી/સુયોગ્ય પરત ચૂકવણીમાં ઋણ લેનાર દ્વારા ડિફોલ્ટ કરાય અને/અથવા ગીરોખત કરાર/વ્યવહાર/સુવિધા દસ્તાવેજની જોગવાઈઓના અનુસરણમાં પોતાની ફરજોનું પાલન કરવામાં ઋણ લેનાર/ગીરવે કરનાર નિષ્ફળ રહે તો બેંક ઋણ લેનાર/ગીરવે કરનારની કોઈ પણ સંમતિ અથવા સહમંજૂરી મેળવવાની જરિયાત વિના જ નીચેનામાંથી કોઈ પણ અથવા બધું કરવાને હકદાર રહેશે.

એ) કોઈ પણ એવી ઘટના બને કે જેના લીધે બાકી લેણાં તાત્કાલિક ચૂકવવાપાત્ર બને અને બેંક પાસે લોન સુવિધાને પરત ખેંચવાનો પૂરેપૂરો અધિકાર રહેશે.

બી) ગીરોખતને લાગુ કરીને તેમાંથી વસૂલાત કરવી;

સી) જાહેર હરાજી દ્વારા ગીરવે કરાયેલી ચીજવસ્તુઓનું સંપૂર્ણ અથવા આંશિકપણે એ રીતે, એ કિંમતે તેમજ બેંકને યોગ્ય લાગે તેવી શરતોને આધિન રહીને એવા નિયમો હેઠળ વેચાણ કરવું અથવા નિકાલ કરવો.

બેંક પાસે કબજામાં રહેલા સમયગાળા દરમિયાન અથવા વેચાણ, રકમની પ્રાપ્તિ અથવા નિકાલ અથવા અન્યત્ર રીતે ગીરવે મૂકેલા દાગીના/ઘરેણાંના મૂલ્યમાં કોઈ નુકસાન કે ઘસારો થાય તો તેના માટે બેંક કોઈ પણ રીતે જવાબદાર રહેશે નહીં. આવી શરતને લાગુ કરવી તેમજ ગીરવે કરેલા સોનાના દાગીના/ઘરેણાંના વેચાણની પ્રક્રિયા ઋણ લેનાર/ગીરવે કરનારાના ખર્ચે કરવામાં આવશે અને આવા વેચાણ દ્વારા પ્રાપ્ત રકમથી પણ ઘટ પડશે તો તેની ઋણ લેનાર/ગીરવે કરનારા દ્વારા પોતાના સંપૂર્ણ ખર્ચે, જોખમે અને જવાબદારીઓ બેંકને તે સરભર કરી આપશે.

૭.૧૩ મારા દ્વારા બેંકની પૂર્વ લેખિત સંમતિ વગર ગીરવે મૂકેલા ઘરેણાઓ ઉપર કોઇ બોજો, લીયન, મોર્ગેજ અથવા કોઇ ઋણનું સર્જન કરવાનો પ્રયાસ.

૭.૧૪ જો તેવું જાણવા મળે કે આકારણીકર્તા અને મારી વચ્ચે કોઇ સાંઠગાંઠ રહેલી છે જે સોનાના ઘરેણાંઓના કપટપૂર્ણ અને ખામીયુક્ત મૂલ્યાંકનમાં પરિણમે છે અથવા આ સંબંધમાં બેંક વાજબી શંકા ધરાવતી હોય.

૭.૧૫ જો મારી સામે કોઇ જપ્તી, ટાંચ, બજવણી અથવા અન્ય કોઇ પ્રક્રિયા અથવા કોઇ જામીનનો અમલ કરવામાં/લાદવામાં આવે.

૭.૧૬ ગીરવે મૂકેલા દાગીનાઓનું મૂલ્ય બજાર કિંમતમાં ફેરફારના કારણે અથવા કોઇ અન્ય કારણોસર સમયાંતરે નિર્ધારિત કરેલા જરૂરી માર્જિન કરતાં ઘટી જાય.

૭.૧૭ હું સમજુ છું અને સંમત થાઉ છું કે મને કામકાજના ૭ દિવસની નોટિસ આપ્યા બાદ, સ્થાનીક ભાષામાં દૈનિક સમાચારપત્રમાં જાહેરાત આપીને અને અન્ય જાહેરાત રાષ્ટ્રીય દૈનિક સમાચારપત્રમાં આપીને બેંક દ્વારા હરાજી હાથ ધરવામાં આવશે. હું સંમત થાઉ છું કે ભારતીય કરાર અધિનિયમ, ૧૮૭૨ની કલમ ૧૭૬ના હેતુઓમાટે આ ૭ દિવસનો સમયગાળો વાજબી સમયગાળો છે.

હું સમજુ છું કે,

- હરાજીના સમયે સોનાની કિંમતો ઇન્ડિયા બૂલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશન લિમિટેડ જે અગાઉ બોમ્બે બૂલિયન એસોસિયેશન લિમિટેડ (બીબીએ) તરીકે ઓળખાતું હતું દ્વારા જારી કરાતાં ૨૨ કેરેટ સોનાના દરના અગાઉના 30 દિવસના સરેરાશ બંધ ભાવોના આધારે ધ્યાન પર લેવામાં આવશે.
- હરાજીની કિંમતો બેંકની આંતરિક નીતિ મુજબ બેંકની વિવેકબુદ્ધિ મુજબ રહેશે, હરાજી માટે ઓછામાં ઓછા ૨ બિડરની જરૂરિયાત રહેશે અને બેંક દ્વારા સૌથી ઊંચી બોલી સ્વીકારવામાં આવશે.

૭.૧૮ હું સમજું છું અને સંમત થાઉં છું કે, બેંક દ્વારા ગીરવે મૂકેલા ચીજવસ્તુઓની જાહેર હરાજી કરવાના પોતાના ઈરાદા સંબંધે રજિસ્ટર્ડ પત્ર/કૂરિયર,

એસએમએસ અથવા ટેલિફોન અથવા અંગત રીતે અથવા ઈ–મેઈલ દ્વારા અથવા સંદેશાવ્યવહારના અન્ય કોઈપણ માધ્યમ દ્વારા મને તેની જાણ કરવામાં આવશે.

૭.૧૯ મને કોઈપણ પદ્ધતિ (ટેલિફોન કૉલ, એસએમએસ/ઈમેલ, પત્રો વગેરે સહિત) મારફતે બેંક દ્વારા પૂરા પાડવામાં આવતી વિવિધ પ્રોડક્ટ્સ, ઑફર્સ અને સેવાઓ અંગે મને/અમને માહિતી પૂરી પાડવા માટે બેંક અને/અથવા તેના એજન્ટ્સ સામે કોઇ વાંધો નથી અને બેંક અને/અથવા તેના એજન્ટ્સને ઉપરોક્ત હેતુ માટે અધિકૃત કરું છું. હું પુષ્ટિ કરું છું કે મને મોકલવામાં આવતી આવી માહિતી/સંદેશાવ્યવહાર માટે 'ટેલિકોમ રેગ્યુલેટરી ઑથોરિટી ઓફ ઇન્ડિયા' દ્વારા નિર્ધારિત કરવામાં આવેલો 'નેશનલ ડૂ નોટ કૉલ રજિસ્ટ્રી'માં ઉલ્લેખ કરાયેલા અવાંચ્છિત સંદેશાવ્યવહાર સંબંધિત કાયદાઓ લાગુ પડશે નહીં.

૭.૨૦ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે હરાજી બેંક દ્વારા જારી કરાયેલા દિશાનિર્દેશો અનુસાર હાથ ધરવામાં આવશે.

૭.૨૧ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે ગીરવે મૂકેલા દાગીનાઓના વેચાણમાંથી થયેલા આવકનો ઉપયોગ લોન હેઠળ બાકી નીકળતી રકમની ચૂકવણી માટે કરવામાં આવશે. જો કોઇ પ્રસંગે આવા હરાજીમાંથી પ્રાપ્ત થયેલી આવક ચૂકવણીની બાકી રકમની ભરપાઇ કરવા માટે અપૂરતી હોય તો બેંક મારી પાસેથી બાકી નીકળતી રકમ મેળવવા માટે પોતે આવશ્યક ગણે તેવી કોઇ અન્ય અને વધુ કાર્યવાહી કરવાનો અધિકાર અબાધિત રાખે છે. જોકે, જો આવી હરાજીમાંથી પ્રાપ્ત થયેલી રકમ ચૂકવણીની બાકી નીકળતી રકમ કરતાં વધારે હોય તો તે તમામ લાગુ પડતી ચૂકવણીની બાકી રકમ સરભર કર્યા બાદ મને પરત કરવામાં આવશે.

૭.૨૨ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે નાદારીના પ્રસંગે બેંક સોશિયલ મીડિયા સહિત જાહેર માધ્યમોમાં મારા વિશે અને મારી નાદારી વિશે માહિતી ઉજાગર કરવાનો અથવા પ્રસિદ્ધ કરવાનો અમર્યાદિત અધિકાર ધરાવશે.

૭.૨૩ કોઈપણ કાયદા અથવા કરાર હેઠળ તેને ઉપલબ્ધ કોઈપણ અધિકારને અમલી બનાવવો.

**૮. વધારાની સુવિધાઓઃ**

૮.૧ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે હું ઑનલાઇન સુરક્ષિત પ્લેટફોર્મ (ઑનલાઇન લોન)નો ઉપયોગ કરીને અથવા બેંકના ટૉલ–ફ્રી નંબર પર કોલ કરીને વધુ સુવિધાઓ (આવી વધારાની લોન માટે ગીરવે ચાલુ રાખીને) માટે અરજી કરી શકું છું. બેંક પોતાના ધિરાણ માપદંડોનું ઋણધારક દ્વારા અનુપાલન અને જરૂરી હોય તેવા તમામ દસ્તાવેજો/માહિતી પૂરી પાડવાની શરતોને આધીન પોતાની વિવેકબુદ્ધિ પર આવી વધારાની લોન પૂરી પાડી શકે છે.

૮.૨ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે બેંક સમયાંતરે બેંક પાસેથી મારા દ્વારા મેળવવામાં આવેલી કોઇ અન્ય સુવિધાઓના સંબંધમાં ગીરવે મૂકેલા દાગીનાઓ અને તેના વેચાણમાંથી પ્રાપ્ત થયેલી કોઇ આવકોના સંદર્ભમાં ધારણાધીકાર અને સેટ–ઓફનો અધિકાર ધરાવશે.

૯. પરિપક્વતા અને રિન્યૂઅલઃ

૯.૧ લોનની પરિપક્વતાના સમયે હું/અમે વ્યાજ અને બેંકને મારા/અમારા દ્વારા ચૂકવવાપાત્ર હોય તેવા કોઇ અન્ય ચૂકવણીની બાકી રકમ સાથે લોનની પરત ચૂકવણી કરીશું અથવા હું/અમે, કોઇપણ સમયે લોનના રિન્યૂઅલ/વધારવાની વિનંતી કરી શકીએ છીએ જે બેંક તેની તરફેણમાં સોનાના તારણ ઉપર ગીરવે ચાલુ રાખીને અને બેંકને જરૂરી લાગે તેવા સ્વરૂપમાં અને આવા રિન્યૂઅલ/સુધારા વખતે પ્રવર્તમાન હોય તેવી બેંકની નિતીઓ અનુસાર નિર્ધારિત કરે તેવા બેંકના વ્યાજના દરમાં આવા ફેરફારને આધીન બેંક પોતાની એકમાત્ર અને સંપૂર્ણ વિવેકબુદ્ધિ પર મને/અમને મંજૂર કરી શકે છે.

**૧૦. પ્રકીર્ણ**

૧૦.૧ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે લોન માટે અરજી ફોર્મમાં મારા દ્વારા પૂરા પાડવામાં આવેલા સરનામા પર લેખિતમાં તમામ સંદેશાવ્યવહાર મોકલવામાં આવશે. જો સરનામા અથવા સંપર્ક વિગતોમાં કોઇ ફેરફાર હશે તો બેંકને મારા દ્વારા લેખિતમાં તેની તરત જાણ કરવામાં આવશે, જે નિષ્ફળ થવાથી, તેવું અનુમાન કરવામાં આવશે કે કથિત સરનામા પર મોકલવામાં આવેલી ડિમાંડ નોટિસ, હરાજી નોટિસ વગેરે સહિત તમામ સંદેશા વ્યવહાર મારા દ્વારા મેળવી લેવામાં આવ્યા છે.

૧૦.૨ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે આ લોન કરાર/નિયમો અને શરતો અને તે ભાગરૂપે થયેલા કોઇ સંબંધિત વ્યવહાર અથવા ઉલ્લંઘન, સમાપ્તિ અથવા તેની અમાન્યતામાંથી ઉદભવતા તમામ વિવાદો, તકરારો અથવા દાવાઓને લવાદ અને સમાધાન અધિનિયમ, ૧૯૯૬ ('અધિનિયમ') અંતર્ગત સૌ પ્રથમ લવાદને સંદર્ભ કરવામાં આવશે અને લવાદ અને સમાધાન અધિનિયમ, ૧૯૯૬ અંતર્ગત બનાવવામાં આવેલા નિયમો અને નિયમનો અને ઇન્ટરનેટ ઉપર ઉપલબ્ધ અને 'જ્યુપિટાઇસ જસ્ટિસ ટેક્નોલોજી લિમિટેડ' દ્વારા જાળવવામાં આવતી વેબસાઇટ arbitration.jupitice.com ઉપર હોસ્ટ કરેલા ફાસ્ટ–ટ્રેક ઇ–આર્બિટ્રેશનને લાગુ પડતાં 'જ્યુપિટાઇસ જસ્ટિસ ટેક્નોલોજી લિમિટેડ'ના નિયમો અને નિયમનોને સાથે વંચાણે લેતા 'જ્યુપિટાઇસ જસ્ટિસ ટેક્નોલોજી લિમિટેડ' તરીકે ઓળખાતી સ્વતંત્ર અને તટસ્થ, તૃતીય–પક્ષકાર સંસ્થા દ્વારા ઑનલાઇન તકરાર નિવારણની પદ્ધતિ મારફતે સંચાલિત કરવામાં આવશે.

વિવાદના ફેંસલા માટે નિયુક્ત કરાયેલા લવાદ પંચમાં લવાદ અને સમાધાન અધિનિયમ, ૧૯૯૬ અને 'જ્યુપિટાઇસ જસ્ટિસ ટેક્નોલોજી લિમિટેડ'ના નિયમો અનુસાર નિયુક્ત કરાયેલા સ્વતંત્ર એકમાત્ર લવાદોનો સમાવેશ થશે. લવાદ કાર્યવાહીની બેઠક ભારતના ઉત્તરપ્રદેશના ગૌતમ બુદ્ધ નગર ખાતે રહેશે. લવાદનો તમામ ખર્ચ બન્ને પક્ષકારો દ્વારા એકસમાન રીતે ઉઠાવવામાં આવશે. લવાદની તમામ કાર્યવાહી અંગ્રેજી ભાષામાં હાથ ધરાશે અને લવાદની પ્રક્રિયા સંબંધિત કાયદો ભારતીય કાયદા અનુસાર રહેશે. લવાદ પંચનો ફેંસલો પક્ષકારો માટે અંતિમ અને બંધનકર્તા રહેશે. બેંક 'જ્યુપિટાઇસ જસ્ટિસ ટેક્નોલોજી લિમિટેડ' દ્વારા લવાદની પસંદગીમાં કોઇ પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ પ્રભાવ ધરાવશે નહીં.

૧૦.3 ઋણધારકના મૃત્યુના કિસ્સામાં, નોમિની (લોનની મંજૂરી વખતે નિયુક્ત કરાયેલા)ને ગીરવે મૂકેલા દાગીનાઓ મૂડી, વ્યાજ, દંડનીય વ્યાજ, જો કોઇ હોય તો તેની સંપૂર્ણ બાકી રકમની સંપૂર્ણ વસૂલાત બાદ અને ઋણધારક/નોમિનીના અસલ કેવાયસી દસ્તાવેજોની ચકાસી કર્યા બાદ જ મુક્ત/સુપરત કરવામાં આવશે.

શિવાલિક
શિવાલિક સ્મૉલ ફાઇનાન્સ બૅંક લિમિટેડ

૧૦.૪ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે બેંક અન્ય કોઇ કરારને વિપરિત અસર પહોચાડ્યાં વગર, એકમાત્ર પોતાની વિવેકબુદ્ધિને આધીન, મને બેંક દ્વારા મંજૂર કરવામાં આવેલી કોઇ લોન અંતર્ગત બાકી રકમની ચૂકવણી સંદર્ભે બેંક અથવા તેની કોઇ પેટા/સંલગ્ન/સહયોગી કંપનીના કબજામાં રહેલી મારી (ભલે તે એકલ હોય અથવા અન્ય વ્યક્તિઓ સાથે સંયુક્ત હોય) કોઇ અન્ય નાણા, રકમ, તારણો અથવા મારી અન્ય મિલકતને લાગુ પાડવાની સ્વતંત્રતા ધરાવશે.

૧૦.૫ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે બેંક એકમાત્ર મારા જોખમે અને ખર્ચે મારી ચૂકવણીની રકમની વસૂલાત માટે એક અથવા વધુ વ્યક્તિ(ઓ)ને કામગીરી સોંપવાનો અધિકાર ધરાવશે અને વધુમાં બેંક યોગ્ય ગણે તેવી મારા સાથે સંબંધિત આવી માહિતી, હકીકતો અને આંકડાઓ જણાવવાનો અધિકાર ધરાવશે.

૧૦.૬ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે બેંક કોઇપણ સમયે લોન દસ્તાવેજો અંતર્ગત તેના તમામ અથવા કોઇપણ અધિકારો, લાભો અને જવાબદારીઓની સોંપણી અથવા હસ્તાંતર કરી શકે છે.

૧૦.૭ હું સમજું છું અને સંમત થાઉં છું કે તમામ વ્યવહારોને માત્ર કામકાજના દિવસોમાં નિયમિત કામના કલાકો દરમિયાન જ ધિરાણકર્તા દ્વારા અમલી બનાવાશે.

૧૦.૮ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે બેંક મને સૂચિત કરીને નિયમો અને શરતો સુધારવાનો અધિકાર અબાધિત રાખે છે.

૧૦.૯ હું/અમે સમજીએ છીએ અને સંમત થઇએ છીએ કે પૂરી પાડવામાં આવેલી લોનનો ઉપયોગ કરીને હું અત્રે સૂચિબદ્ધ કરેલા નિયમો અને શરતો અને સમયાંતરે સુધારવામાં આવે તે મુજબ તેને બિનશરતી અને નિશ્ચિત રીતે સ્વીકારી રહ્યો છું અને હંમેશા તે પાલન કરીશ અને મને તે બંધનકર્તા રહેશે.

૧૦.૧૦ **એફએટીસીએઃ** હું સમજું છું, સંમત થાઉં છું અને આ સાથે પુષ્ટિ કરું છું કે હું ભારતનો નાગરિક અને કાયમી નિવાસી છું અને ભારતના કરવેરા નિયમનોને આધિન છું. **ગીરવેઃ** બેંક સમક્ષ સુવિધાને સુરક્ષિત કરવા માટે સોનાના દાગીના/ઘરેણાં જમા કરાવાયેલા છે અને ગીરવે મૂકેલા ચીજવસ્તુઓમાંથી મૂલ્યાંકન માટે ફક્ત સોનાની ચીજોને જ ધ્યાને લેવાશે.

૧૦.૧૧ **ગીરવેઃ** સોનાના ઘરેણાં/જ્વેલરી લોનને સુરક્ષિત કરવા માટે બેંકમાં જમા કરાવવામાં આવેલા છે અને તેના મૂલ્ય નિર્ધારણ માટે માત્ર ગીરવે મૂકેલા દાગીનાઓમાં રહેલા સોનાના ઘટકને જ ધ્યાનમાં લેવામાં આવશે. આ લોન બેંકની 'વાજબી આચરણ સંહિતા'ના અનુપાલનમાં મંજૂર કરવામાં આવી છે જે બેંકની વેબસાઇટ www.shivalikbank.com ઉપર ઉપલબ્ધ છે. કૃપા કરીને અહીં આપેલી લિંક પર ક્લિક કરીને વાજબી આચરણ સંહિતા ધ્યાન પર લોઃ http:// www.shivalikbank.com/policy/Fair-Lending - Practice-Code-Policy.pdf

૧૧. **ઓવરડ્યુ ચાર્જિસ :** લોનની રકમ (મૂડી અથવા વ્યાજ અથવા બન્ને)ની બાકી નીકળતી રકમની પરત ચૂકવણીમાં કસૂર અથવા વિલંબના પ્રસંગે ઋણધારક પ્રતિ વર્ષ _________%ના દરે ઓવરડ્યુ ચાર્જિસ ચૂકવવા માટે જવાબદાર બનશે. ઓવરડ્યુ ચાર્જિસ સમયાંતરે લાગુ પડતાં નિયમનકારી દિશાનિર્દેશો અનુસાર ચૂકવણીની બાકી રકમ જેટલા દિવસ માટે ચૂકવવાની બાકી રહે તેટલા દિવસ માટે લાગુ પડશે.

૧૨. **અસ્કયામત વર્ગીકરણઃ**

ભારતીય રિઝર્વ બેંકના તારીખ ૧૨ નવેમ્બર, ૨૦૨૧ના 'ધિરાણ માટે આવક ઓળખ, અસ્કયામત વર્ગીકરણ અને જોગવાઇઓ સંબંધિત સાવધાનીના માપદંડો' સંબંધિત અધિસૂચના અનુસાર, હું, ઋણધારક નીચે જણાવેલા લોન વર્ગીકરણ માળખાની નોંધ લઉં છું.

| વર્ગીકરણ | ડીપીડી બકેટ રેંજ | વર્ણન |
|---|---|---|
| SMA-0 | ૩૦ દિવસ સુધી | SMA-0 30 દિવસ સુધી જો લોન એકાઉન્ટની ચૂકવણીની અંતિમ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૨૧ હોય અને આ તારીખ માટે પ્રક્રિયા કરવા દિવસાંત પહેલા સંપૂર્ણ ચૂકવણીની બાકી રકમ પ્રાપ્ત ન થાય તો ઓવરડ્યુની તારીખ ૩૧મી માર્ચ, ૨૦૨૧ રહેશે અને તેને ૩૧મી માર્ચ, ૨૦૨૧ના રોજ SMA-0 તરીકે ચિહ્નિત કરવામાં આવશે. |
| SMA-1 | ૩૦થી વધારે દિવસો અને ૬૦ દિવસ સુધી | SMA-1 30થી વધારે દિવસો અને ૬૦ દિવસ સુધી ઉપરનું ઉદાહરણ ચાલુ રાખતા, જો એકાઉન્ટ હજુ પણ ઓવરડ્યુ જ રહે તો તેને 30મી એપ્રિલ, ૨૦૨૧ના રોજ એટલે કે સતત 30 દિવસ પૂર્ણ થવા પર ઓવરડ્યુ રહેવા પર દિવસાંત પ્રક્રિયા હાથ ધરવા પર SMA-1 તરીકે ચિહ્નિત કરવામાં આવશે. |
| SMA-2 | ૬૦થી વધારે દિવસો અને ૯૦ દિવસ સુધી | SMA-2 30થી વધારે દિવસો અને ૬૦ દિવસ સુધી ઉપરનું ઉદાહરણ ચાલુ રાખતા, જો એકાઉન્ટ હજુ પણ ઓવરડ્યુ જ રહે તો તેને 30મી મે, ૨૦૨૧ના રોજ એટલે કે સતત ૬૦ દિવસ પૂર્ણ થવા પર ઓવરડ્યુ રહેવા પર દિવસાંત પ્રક્રિયા હાથ ધરવા પર SMA-2 તરીકે ચિહ્નિત કરવામાં આવશે. |
| બિન કાર્યશીલ અસ્કયામત (NPA) | ૯૦ દિવસ સુધી | બિન કાર્યશીલ અસ્કયામત (NPA) ૯૦થી વધુ દિવસો ઉપરોક્ત ઉદાહરણ આગળ ચાલુ રાખતા અને જો તે રકમ વધુ સમય માટે ઓવરડ્યુ રહે તો, ૨૯મી જૂન, ૨૦૨૧ના રોજ દિવસાંત પ્રક્રિયા હાથ ધરવા પર તેને NPA તરીકે વર્ગીકૃત કરવામાં આવશે. એક વખત એકાઉન્ટ NPA બની જાય, એટલે કે ૯૦ દિવસ સુધી સતત ઓવરડ્યુ રહે તો જ્યાં સુધી તેની તમામ ચૂકવણીની બાકી રકમ* ચૂકવવામાં ન આવે અને તેની DPD શૂન્ય ન બને ત્યાં સુધી તેને NPA તરીકે ચિહ્નિત રાખવામાં આવશે. કોઇ કરવામાં આવેલી આંશિક ચૂકવણીઓ NPAનું સ્ટેટસ બદલશે નહીં. |

*ઓવરડ્યુની રકમ પરત ચૂકવણી પત્રક અનુસાર બાકી રહેતું વ્યાજ અથવા બાકી રહેતું મૂડી અને વ્યાજ છે.

શિવાલિક
શિવાલિક સ્મૉલ ફાઈનાન્સ બેંક લિમિટેડ

૧૩. હું/અમે મારા વિશે, માહિતી, કાગળો અને 'નો યોર કસ્ટમર' (કેવાયસી)સંબંધિત કોઈ અન્ય માહિતી, ધિરાણ માહિતી અને મારા વિશે/મારી સાથે સંબંધિત કોઈ અન્ય માહિતી અથવા બેંક દ્વારા સુસંગત ગણવામાં ન આવી હોય તેવી માહિતી (જેનો સામૂહિક રીતે 'માહિતી' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) એકત્રિત કરવા, સંગ્રહ કરવા અને પ્રક્રિયા કરવા બેંકને (ભલે તે પોતે કામગીરી કરી રહી હોય અથવા કોઈ તેના સેવા પ્રદાતાઓ મારફતે કામગીરી કરી રહી હોય, અને ભલે તે સ્વયંસંચાલિત રીતે અથવા અન્યથા હોય) સંમતિ આપું છું અને અધિકૃત કરું છું અને બેંક પોતે યોગ્ય ગણે તે રીતે ધિરાણ મૂલ્યાંકન, ઉચાપાત શોધવા, એન્ટી–મની લોન્ડરિંગ જવાબદારીઓ, કરારમાં દાખલ થવા માટે, પ્રત્યક્ષ માર્કેટિંગના હેતુ માટે સંગ્રહ કરીને, તૈયાર કરીને, ગોઠવીને, પુનઃતૈયાર કરીને, નકલ કરીને, ઉપયોગ કરીને, પ્રોફાઈલિંગ વગેરે કરીને તેની સાથે રહેલા માહિતીની પ્રક્રિયા હાથ ધરવા માટે કરારીય અથવા કાનૂની જરૂરિયાતો અથવા બેંકના કાનૂની હિતોના સંબંધમાં આવશ્યક હોય તે રીતે સેવા પ્રદાતાઓ, કન્સલ્ટન્ટ, ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઓ, માહિતીનો ઉપયોગ કરતી કંપનીઓ, અન્ય બેન્કો અને નાણાકીય સંસ્થાઓને માહિતી શેર કરવા અને ઉજાગર કરવા માટે ગોલ્ડ લોન અરજીના હેતુ માટે મારા સી–કેવાયસી આઇડીનો ઉપયોગ કરીને સી–કેવાયસીમાંથી કેવાયસી વિગતો ડાઉનલોડ કરવા માટે બેંકને વ્યક્ત રીતે સંમતિ આપું છું અને અધિકૃત કરું છું. હું બેંક, તેના સેવા પ્રદાતાઓ, એજન્ટ્સ અને/અથવા તેની સહયોગી કંપનીઓને ટેલિફોન, એસએમએસ અને/અથવા ઈમેલ મારફતે માર્કેટિંગ પ્રચાર અને મને બેંકની વિવિધ પ્રોડક્ટ્સ અને સેવાઓના આડવેચાણ માટે માહિતીનો ઉપયોગ કરવા માટે વ્યક્ત રીતે સંમતિ આપું છું.

૧૪. **તકરાર નિવારણઃ**

પ્રિય ઋણધારક, જો તમે કોઈ તકરાર અથવા ફરિયાદ ધરાવતા હોવ તો કૃપા કરીને અમારા ગ્રાહક સંભાળ પ્રતિનિધીનો સંપર્ક કરો અથવા તમારી નજીકની શાખાની મુલાકાત લો. તમે તમારી ફરિયાદ રજૂકરવા માટે શાખા ખાતે ઉપલબ્ધ ફરિયાદ પેટી અથવા ફરિયાદ ફોર્મનો પણ ઉપયોગ કરી શકો છો. જો તમારી ફરિયાદોનો ઉકેલ ન આવે તો કૃપા કરીને નીચે આપ્યા મુજબ ઉચ્ચ સ્તરે ફરિયાદના ધોરણોનો ઉપયોગ કરોઃ (હિન્દીમાં)

**લેવલ ૧ઃ બ્રાન્ચ મેનેજર/ફોન બેંકિંગ નંબર/કસ્ટમર કેર સેન્ટર**

કૃપા કરીને અમારા વ્યવસાય પ્રતિનિધી
(બીસી સંપર્ક વિગતો https://shivalikbank.com/regulatory-section/notice-board/list-of-business-correspondents)નો સંપર્ક કરો અથવા તમારી નજીકની શાખા કચેરી ખાતે શાખા મેનેજરનો સંપર્ક કરો અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦–૨૦૨–૫૩૩૩ પર અમારા ફોન બેન્કિંગ અધિકારીનો સંપર્ક કરો અથવા customercare@shivalikbank.com પર ઈમેલ મોકલો.

**લેવલ ૨ઃ નોડલ ઓફિસર**

જો તમે બ્રાન્ચ/ફોન બેંકિંગ/કસ્ટમર કેર સેન્ટરમાંથી મળેલા જવાબથી સંતુષ્ટ ન હોવ અથવા જો તમને ૭ કામકાજના દિવસમાં જવાબ ન મળે, તો તમે નીચે આપેલા સરનામે અને સંપર્કની વિગતો પર પ્રાદેશિક નોડલ ઓફિસરને કોલ કરી શકો છો અથવા લખીને મોકલી શકો છોઃ

| નોડલ ઓફિસર | |
|---|---|
| **નોડલ ઓફિસરનું નામઃ** | **જાયત્રી સિંઘ** |
| | શિવાલિક સ્મૉલ ફાઈનાન્સ બેંક લિમિટેડ |
| | બીજો માળ, ઍડ ઈંડિયા ટાવર, પ્લોટ નંબર – 6A, સેક્ટર–125, નોઈડા–201303. |
| **સંપર્કની વિગતઃ** | ૦૧૨૦–૪૦૬૦૦૧૧ |
| **ઈ-મેલ આઈડીઃ** | grievance@shivalikbank.com |

**લેવલ ૩ઃ મુખ્ય નોડલ ઓફિસર**

જો તમે નોડલ ઓફિસર તરફથી મળેલા જવાબથી સંતુષ્ટ ન હોવ અથવા જો તમને કામકાજના ૭ દિવસમાં જવાબ ન મળે તો, કૃપા કરીને નીચે આપેલા સરનામાં અને સંપર્કની વિગતો દ્વારા મુખ્ય નોડલ ઓફિસર સમક્ષ તેની રજૂઆત કરોઃ

અમારા મુખ્ય નોડલ ઓફિસર કામકાજના ૭ દિવસમાં ફરિયાદીને સંતોષ થાય તે મુજબ સમસ્યાનું નિવારણ લાવવાનો પ્રયાસ કરશે. જો ફરિયાદની તપાસ કરવા માટે વધુ સમયની જરૂર હોય, તો જવાબ આપવા માટે વધુ સમયની જરૂરિયાત અંગે સમજાવીને ફરિયાદ સ્વીકારવામાં આવશે.

| મુખ્ય નોડલ ઓફિસર | |
|---|---|
| **મુખ્ય નોડલ ઓફિસરનું નામઃ** | **રવિ રત્નાકર સિંઘ** |
| | શિવાલિક સ્મૉલ ફાઈનાન્સ બેંક લિમિટેડ |
| | બીજો માળ, ઍડ ઈંડિયા ટાવર, પ્લોટ નંબર – 6A, સેક્ટર–125, નોઈડા–201303. |
| **સંપર્કની વિગતઃ** | ૦૧૨૦–૪૦૬૦૦૧૨ |
| **ઈ-મેલ આઈડીઃ** | pno@shivalikbank.com |

**એકીકૃત લોકપાલ સમક્ષ રજૂઆતઃ** અમે અમારા તમામ ગ્રાહકોને જણાવવા માંગીએ છીએ કે અમારી બેંકને 'રિઝર્વ બેંક – એકીકૃત લોકપાલ સ્કીમ, ૨૦૨૧' હેઠળ આવરી લેવામાં આવી છે. જો તમે બેંક દ્વારા પ્રદાન કરવામાં આવેલા નિવારણથી સંતુષ્ટ ન હોવ અથવા જો તમારી ફરિયાદ દાખલ કર્યા પછી 30 દિવસની અંદર તેનું નિવારણ કરવામાં ન આવે તો, તમે https://cms.rbi.org.in પર ઑનલાઇન ફરિયાદ દાખલ કરીને એકીકૃત લોકપાલનો સંપર્ક કરી શકો છો.

